આપણી જ્ઞાનની અલ્પતાનો ક્રમે ક્રમે ખ્યાલ આવે તેનું નામ કેળવણી
- વિલ ડુરાં

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૪૭ | ૬ ઓગસ્ટ, ૨૦૧૪, બુધવાર; શ્રાવણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અસહ્ય બફારા વચ્ચે વરસાદની હાથતાળી

## મોડી સાંજે આકાશમાં ગોરંભાયેલા વાદળો : વાદળિયા વાતાવરણ અને વરસાદી વાયરા વચ્ચે વરસાદની સંતાકૂકડી



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૫

ગત સપ્તાહ દરમિયાન મેઘરાજાએ બધડાટી બોલાવ્યા બાદ રોજબરોજ વરસાદી વાયરા વચ્ચે આકાશમાં ગોરંભાયેલા વાદળો વિખેરાઈ જાય છે. આજે પણ દિવસના ઉકળાટના અંતે નભમાં નિખરેલા વરસાદી વાદળો છાંટણા વરસાવી ગયા હતા.

ચોમાસાની મોડી શરૂઆત બાદ બે રાઉન્ડમાં વાવણીલાયક વરસાદ થઈ જતા ખેડૂતોને માંડ ટાઢક મળી છે પરંતુ સપ્તાહના અંતે આકાશમાં ઘેરાવો નાંખતા વરસાદી વાદળો મન મુકીને ન વરસતા વાતાવરણમાં ફરી ઉકળાટ પ્રવર્તી રહ્યો છે. દિવસ દરમિયાન વાદળોમાં લપાયેલા સૂરજદાદાની દેખી અનદેખી વચ્ચે વરસાદ પળમાં અદ્રશ્ય થઈ જાય છે. રોજબરોજ હાથતાળી આપતા વરસાદના લીધે વાતાવરણમાં ભેજના પ્રમાણની સાથે ઉકળાટ પણ વધી રહ્યો છે. આજે પણ દિવસે તડકી છાંયડીના માહોલ વચ્ચે મોડી સાંજે આકાશ અંધાર્યું હતું. પરંતુ છાંટણા બાદ વરસાદી વાદળો વિખેરાઈ જતા મેઘરાજા હાઉકલી કરીને જતા રહ્યા હતા. વાદળયું વાતાવરણ મચ્છરો માટે પણ ફેવરેબલ બની ગયું છે. વરસાદી માહોલ વચ્ચે નગરમાં મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધી ગયો છે. જયારે વરસાદની ગેરહાજરીના લીધે નગરજનો બફારાથી આકુળ વ્યાકુળ બન્યા છે.



# જિલ્લામાં પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળાએ માથુ ઉચકતાં તંત્ર ચિંતાતુર

## ખોડિયાર નજીકથી બે કોલેરાના કેસ મળ્યા : પાલજ આઈઆઈટીમાંથી મેલેરિયાના કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં વરસાદની અનિયમિતતા વચ્ચે પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળાએ માથુ ઉંચકતા આરોગ્યતંત્ર દોડધામ કરતી થઈ જવા પામી છે.

કલોલ શહેરમાંથી મળેલા કોલેરા પોઝીટીવના અહેવાલોની શાહી હજુ સુકાઈ નથી ત્યાં આજે ખોડિયાર નજીક એક કન્સ્ટ્રકશન સાઈટના મજૂરોની ઝુંપડપટ્ટીમાંથી બે પોઝીટીવ કેસ મળી આવતાં તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

પોલીસ તંત્રમાં હદના વિવાદ જેવો વિવાદ આરોગ્ય તંત્રમાં પણ ઉભો થવા પામ્યો છે. આ ઝૂંપડપટ્ટી અમદાવાદ જિલ્લાની હદને અડીને આવેલી હોવાથી તંત્ર ત્યાં શુ પગલાં લેવા ?, કોણ પગલાં લે ? તેની મથામણમાં વ્યસ્ત વધુ જણાયું છે.

આ બન્ને દર્દીઓ હાલ અમદાવાદ સોલા હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું અને તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ ગાંધીનગર નજીક આવેલ પાલજ ખાતે નિર્માણાધીન આઈ.આઈ.ટી. સંકુલના મજૂરોમાં મેલેરિયાના ચાર થી વધુ પોઝીટીવ કેસ મળી આવતાં મેલેરિયાની ટીમ પણ આ સંકુલ ખાતે દોડી ગઈ હતી.

મજૂરોનું તાકીદે સ્ક્રીનીંગ કરી અને તેમને દવાઓ પણ અપાઈ હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

## હવાનું હળવું દબાણ ઉભુ થતાં વાતાવરણમાં પલટો

ગાંધીનગર, તા. ૫

કચ્છ સિવાય સમગ્ર રાજ્યમાં આગામી ૪૮ કલાકમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હવાનું હળવું દબાણ ઉભુ થતાં વાતાવરણમાં પલટો આવવા પામ્યો છે. પાટનગર ગાંધીનગર સહિત રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં વાદળછાયા વાતાવરણ સાથે વાદળો ઘેરાયા હતા અને કેટલાક વિસ્તારોમાં આજે દિવસ દરમ્યાન વરસાદ નોંધાયો હતો.

આગામી ૪૮ કલાક દરમ્યાન કચ્છ સિવાય સમગ્ર રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.



દશામા - દશામાના વ્રતની ઉજવણી રંગેચંગે સંપન્ન થઈ છે... ગઈકાલે આખરી રાત્રીએ દશામાની મૂર્તિઓના વિસર્જન માટે સાબરમતી નદીને કિનારે ભારે ભીડ વર્તાતી હતી. દશામાનું વ્રત શ્રદ્ધાપૂર્વક કરાય છે અને માતાજી પાસે સુખ અને સમૃદ્ધિની પ્રાર્થના દસ દિવસ સુધી સતત કરાય છે... ગુજરાતમાં અને ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં ગ્રામીણ વિસ્તારની મહિલાઓ દશામાના વ્રતમાં ઓતપ્રોત બની જાય છે...

# સરકાર અને કર્મચારી મંડળો વચ્ચે પડતર પ્રશ્નો અંગે યોજાયેલી બેઠક

ગાંધીનગર, તા. ૫

કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આજે રાજ્ય સરકારના મંત્રીઓ સાથે કર્મચારી મંડળના આગેવાનોની યોજાયેલી મંત્રણામાં રાજ્ય સરકારે હકારાત્મક વલણ અપનાવતાં કર્મચારી મંડળોએ હાલ કોઈ આંદોલાત્મક કાર્યક્રમ આપવાનું ટાળીને થોભો અને રાહ જોવોની નીતિ અપનાવી છે. આગામી ટુંક સમયમાં પ્રશ્નોના ઉકેલ માટે કર્મચારી મંડળોના આગેવાનો સાથે ફરી બેઠક મળનાર છે.

રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી નિતીનભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે રાજ્યના કર્મચારી મંડળોના આગેવાનોની એક મંત્રણા બેઠક મળી હતી. આ બેઠકમાં કર્મચારી મંડળે કર્મચારીઓના પડતર પ્રશ્નો જેવા ફીક્સ પગારના કર્મચારીઓના વેતનમાં વધારો કરવા, મળવાપાત્ર રજાનો લાભ આપવા, પાંચ વર્ષનો ગાળો ઘટાડીને બે વર્ષ કરવા, છઠ્ઠા પગાર પંચના બાકી લાભો જેવા કે વાહનભથ્થુ, શિક્ષણ ભથ્થુ, ૧૦,૨૦,૩૦ ઉચ્ચત્તર પગાર ધોરણની યોજના તથા અન્ય ભથ્થાઓ મંજુર કરવા વર્ગ-૪ની આઉટ સોર્સીંગની ભરતી પ્રથા બંધ કરી રોજગાર વિનિમય કચેરી દ્વારા નિયમિત ભરતી કરવા કેસલેશ મેડીકલેઈમ પોલીસીની યોજના અમલમાં મુકવા અને કેન્દ્ર સરકારની સીજીએચએસ જેવી રાજ્યમાં તબીબી સારવારની યોજનાનો અમલ કરવા સહીતના આઠ પડતર પ્રશ્નોને ઉકેલવા માટે રજૂઆતો કરવામાં આવી હતી.

આ ઉપરાંત મંડળો દ્વારા કેન્દ્ર સરકારના ધોરણે હાલની નિવૃત્તિ વયમર્યાદા ૫૮ વર્ષથી ૬૦ વર્ષ કરવા અને વર્ગ-૪ ના કર્મચારીઓ માટે ૬૦ થી વધારી ૬૨ વર્ષ કરવા અને રહેમરાહે નોકરીની યોજના મુળ સ્વરૂપે પુનઃ ચાલુ કરવા રજૂઆત કરવામાં આવી હતી.

કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આજે યોજાયેલી મંત્રણા બેઠકમાં સરકાર પક્ષે રાજ્ય સરકારના બે પ્રવક્તા મંત્રીઓ નિતીનભાઈ પટેલ અને સૌરભભાઈ પટેલ સાથે કર્મચારી મંડળોના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સરકારે કર્મચારી આગેવાનો સાથે કર્મચારીઓના પડતર પ્રશ્નો ઉકેલવા માટે હકારાત્મક વલણ અપનાવીને ટુંક સમયમાં પુનઃ બેઠક કરી પ્રશ્નો ઉકેલવા માટેની હૈયાધારણા આપી હોવાનું જાણવા મળે છે.

# કચેરીમાં સ્વચ્છતાના મામલે કલેક્ટર લાલઘુમ

## સહયોગ સંકુલની ઉડતી મુલાકાતે ગયેલા કલેક્ટરની તંત્રને કડક તાકીદ

ગાંધીનગર, તા. ૫

જિલ્લાની જે કચેરીઓ સ્વચ્છતા ન જાળવે તેને નોટીસ આપો આ પછી પણ સુધારો ના થાય તો દંડનીય કાર્યવાહી સુધીના પગલાં લેવા તેવી કડક તાકીદ આજે જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે કરી છે.

જિલ્લાકક્ષાની કચેરીઓ જે સહયોગ સંકુલમાં આવેલી છે તેની તેમણે આજે મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન સ્વચ્છતાના મુદ્દે અધિકારીઓને આડે હાથ લીધા હતા. ટુંકી મુલાકાત દરમ્યાન પણ જિલ્લા કલેક્ટરશ્રીએ પાનની પીચકારીઓ મારી ગંદકી ફેલાવતા કર્મચારીઓ સામે નારાજગી વ્યક્ત કરી હતી.

તેમણે જણાવ્યુ હતુ કે સ્વચ્છતાની જાળવણી માટે જો જિલ્લા કચેરીઓ પાસે નાણાંકીય ઉપલબ્ધતા ના હોય તો જિલ્લા વહીવટીતંત્ર તેની ફાળવણી કરશે. જિલ્લા રજીસ્ટ્રાર કચેરીના અધિકારીઓને તેમણે કચેરી બહાર ડસ્ટબીન કેમ નથી તેમ કહીને નારાજગી વ્યક્ત કરી જણાવ્યું હતું કે આ જાહેર મિલ્કતને પોતીકી ગણી તેનું જતન કરવું જોઈએ.

જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે અગાઉ સિવિલ હોસ્પિટલ સંકુલની મુલાકાત લીધા બાદ આજે પ્રથમવાર તેમણે સહયોગ સંકુલમાં પણ ઉડતી મુલાકાત લઈ સ્વચ્છતાના મુદ્દે તંત્રને આડે હાથ લીધુ હતુ.

જો કે કલેક્ટર ઓફિસમાં પણ સ્વચ્છતાના મુદ્દે ઘણુ બધુ કરવાનું બાકી છે. અહિ પણ સ્વચ્છતાના પાઠ કલેક્ટરશ્રી ભણાવે તેવી લાગણી કર્મચારીઓમાં પ્રવર્તી રહી છે.

## NEWS બિટ્સ

### ઓ.પી. કોહલીને ગોવાના રાજ્યપાલનો વધારાનો ચાર્જ



ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીનો ગોવાના રાજ્યપાલ તરીકેનો વધારાનો હવાલો સોંપવાના હુકમો આજે બપોરે કેન્દ્રીય ગૃહ વિભાગ દ્વારા થયા હતા. આવતીકાલે શ્રી કોહલી પણજી પહોંચી વધારાનો હવાલો સંભાળી લેશે.

### પશુપતિનાથ મંદિરના દર્શનથી મોદી ભાવવિભોર

નેપાળના પ્રવાસે ગયેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ પ્રવાસ અંગેના સમાચારો મિડિયામાં વારંવાર જોવા-સાંભળવા મળી રહ્યા



છે. નેપાળના સુપ્રસિધ્ધ પશુપતિનાથ મંદિરની મુલાકાત લઈ મોદી અત્યંત ભાવવિભોર બની ગયા હતા. મંદિરની વિઝિટર્સ બુકમાં તેઓએ લખ્યું છે કે કાશી વિશ્વનાથ અને પશુપતિનાથ એક જ રૂપ છે. અહીં આવી તેઓ અત્યંત ભાવવિભોર બની ગયા છે. નેપાળ અને ભારતને જોડવાવાળા આ પશુપતિનાથની કૃપા બંને દેશોના જનમાનસ પર બની રહે તેવી મારી કામના છે.

### દિલ્હીમાં નવું ગુજરાત ભવન બનશે

સેન્ટ્રલ દિલ્હીમાં નવું ગુજરાત ભવન બાંધવાની ગુજરાત



સરકારની વર્ષો જુની માંગણીને નરેન્દ્ર મોદી પીએમ બનતા જ પૂર્ણ કરવામાં આવી છે. સેન્ટ્રલ દિલ્હીના અકબર રોડ પર આ માટે ૭૦૦૦ સ્કે. મીટરનો પ્લોટ ફાળવવાની તૈયારી શહેરી વિકાસ મંત્રાલયે કરી દીધી છે. આ ભવન બનતા અવારનવાર દિલ્હી જતા રાજકારણીઓ અને અધિકારીઓને રહેવાની સરસ સુવિધા મળી જશે.

### લોહીની જરૂરીયાતવાળાઓ માટે ૧૦૪ની સુવિધા શરૂ

'બ્લડ ઓન કોલ' આ નામે ૧૦૪ની સુવિધા શરુ કરવામાં આવી



છે. નરેન્દ્ર મોદીની દીર્ઘદૃષ્ટિ સ્વરૂપે શરૂ થયેલી આ યોજનાથી તાત્કાલિક રકતની જરૂરીયાત ઉભી થાય તો તે પૂર્ણ થઈ શકે છે. ૪૦ કિમી વિસ્તારમાં માત્ર ચાર જ કલાકમાં ૫૫૦ રૂ.ની કિંમતે ગમે તે બલ્ડ ગ્રુપનું રકત મેળવી શકાય છે.

### સ્ટીલ ટાયકૂન મિત્તલે બ્રિટનમાં પહાડ ખરીદ્યો હોવાની ચર્ચા

ભારતીય સ્ટીલ ટાયકૂન લક્ષ્મી મિત્તલે બ્રિટનના કેમ્બ્રીયાના લેક ડિસ્ટ્રીકટ



વિસ્તારમાં એક આખો પહાડ ખરીદ્યો હોવાની ચર્ચા જોરશોરથી થઈ રહી છે. ૨૮૫૦ ફૂટ ઉંચી બ્લેનકેપ્રા નામની એક પહાડી મે મહિનામાં હરાજીમાં મુકાઈ હતી જેને મિત્તલે ખરીદી હતી જો કે સ્થાનિકોમાં તેનો વિરોધ થયો હતો.




ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

